દાવો દાખલ થયા તારીખ : ૦૭/૦૮/૨૦૦૯
દાવો નોંધાયા તારીખ : ૦૭/૦૮/૨૦૦૯
દાવો ફેસલ થયા તારીખ : ૧૫/૦૪/૨૦૨૧
કુલ સમયગાળો :વર્ષ : ,માસ: ,દિવસ:
૧૧ ૮ ૮

**મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, તાપી મુ.વ્યારા.**

**<u>રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૮૩/૨૦૦૯</u>**

**<u>આંક ૧૫૨</u>**

વાદીઓ:-
(૧) મૈ.સીંગાભાઈ ગાંગલાભાઈના વારસદારો
૧.૧ મૈ.નટુભાઈ સીંગાભાઈ ગામીના વારસો
૧.૧.૧ઢેડીબેન તે નટુભાઈ સીગાભાઈ ગામીતની વિધવા
ઉ.આ.વ.પુખ્તવચના, ધંધો-મજુરી
૧.૧.૨ નિલેશભાઈ નટુભાઈ ગામીત,ઉ.આ.વ.૪૫, ધંધો- ખેતી
રહે.છીંડીયા તા.વ્યારા, જિ.તાપી.
૧.૧.૩અંજુબેન તે નટુભાઈ સીંગાભાઈની પુત્રી,
ઉ.આ.વ.૫૫, ધંધો- ખેતી
રહે.ચીખલદા, તા.વ્યારા, જિ.તાપી.
૧.૨ વન્તીબેન સીંગાભાઈ ગામીત,
ઉ.આ.વ.૫૭, ધંધો- ઘરકામ
રહે.હનુમંતીયા, તા.સોનગઢ,જિ.તાપી
૧.૩ શાંતિબેન સીંગાભાઈ ગામીત,
ઉ.આ.વ.૫૫, ધંધો- ઘરકામ
રહે.છીડીયા, ભાઠી ફળીયુ,તા.વ્યારા, જિ.તાપી.
(૨) મૈ.સરાદીયાભાઈ ગાંગલાભાઈ ગામીતના વારસો.
૨.૧ મૈ.નારણભાઈ સરાદીયાભાઈ ગામીત,
૨.૧.૧ પન્નાબેન નારણભાઈ ગામીત
ઉ.આ.વ.૫૦, ધંધો- મજુરી
રહે.ચિખલદા, નદી ફળીયા, તા.વ્યારા, જિ.તાપી.
૨.૧.૨ સીલીકાબેન તે નારણભાઈ સરાદીયાભાઈની પુત્રી
તે દાઉદભાઈ ગામીતની પત્ની,

ઉ.આ.વ.૩૪, ધંધો– ઘરકામ
રહે.ચિખલદા, નદી ફળીયા, તા.વ્યારા, જિ.તાપી.

૨.૧.૩ ગુલાબભાઈ નારણભાઈ ગામીત,
ઉ.આ.વ.૩૨, ધંધો–મજુરી
રહે.ચિખલદા, નદી ફળીયા, તા.વ્યારા, જિ.તાપી.

૨.૨. લલીતાબેન તે સરાદીયાભાઈ ગામીતની પુત્રી તથા
મોહનભાઈ ગામીતની પત્ની
ઉ.આ.વ.૫૦, ધંધો–મજુરી,
રહે.મેઘપુર, તા.વ્યારા, જિ.તાપી.

**– વિ રૂ દ ધ –**

(૧) મૈયત જાતરીબેન ગુરજીભાઈ ગામીતના વારસો,

૧.૧ નજુબેન તે ગુરજીભાઈ ગામીતની પુત્રી અને
હીરજીભાઈ ગામીતની પત્ની
ઉ.આ.વ.૬૫, ધંધો– ઘરકામ
હે.ડુંગરી ફળીયુ, છીડીયા, તા.વ્યારા, જિ.તાપી.

૧.૨ સવીતાબેન તે ગુરજીભાઈ ગામીતની પુત્રી તથા
ભીમલાભાઈ ગામીતની પત્ની
ઉ.આ.વ.૬૨, ધંધો– ઘરકામ
રહે. ભાટી ફળીયુ, છીંડીયા, તા.વ્યારા, જિ.તાપી.

૧.૩ ભાણાભાઈ ગુરજીભાઈ ગામીત,
ઉ.આ.વ.૫૫, ધંધો– ખેત મજુરી
રહે. ભાટી ફળીયુ, છીંડીયા, તા.વ્યારા, જિ.તાપી.

૧.૪ રવલીબેન ગુરજીભાઈ ગામીતની પુત્રી તથા
જયંતિભાઈ ગામીતની પત્ની,
ઉ.આ.વ.૪૫, ધંધો– ઘરકામ
રહે. ભાટી ફળીયુ, છીંડીયા, તા.વ્યારા, જિ.તાપી.

૧.૫ મીનાબેન તે ગુરજીભાઈ ગામીતની પુત્રી તથા
વીનાભાઈ ગામીતની પત્ની
ઉ.આ.વ.૩૮, ધંધો– ઘરકામ
રહે. વાડી ભેંસરોટ, તા.સોનગઢ, જિ.તાપી.

(૨) અશોકભાઈ ભીમલાભાઈ ગામીત,
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો–મજુરી
રહે.છીડીયા, તા.વ્યારા, જી.તાપી.

(૩) રોહિતભાઈ ભાણાભાઈ ગામીત,

રહે.છીડીયા, તા.વ્યારા, જિ.તાપી.
(૪) મહેશભાઈ જયંતિભાઈ ગામીત,
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો–મજુરી
રહે. છીંડીયા, તા.વ્યારા, જી.તાપી.

**બાબત : ડેકલેરેશન, વહેચણીનો તથા કાયમી મનાઈનો આંક ૧૦૦૦/–**

---

વાદી તર્ફે વિ.વ.શ્રી એસ.વી.પ્રધાન
પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી જે.સી.ઢોડીયા

---

## ::ચુકાદો ::

દાવા ની ટુકમાં હકીકત

**(૧.૧)** વાદીના દાવાનુ ટુંકમાં હકીકત એવી છે કે, વાદી તેમજ પ્રતિવાદી મુળ ઢેડાભાઈ ઠગીયાભાઈ કરીને હતા જેઓ તા.૩૦/૧/૧૯૬૨ના રોજ અવસાન થયેલ તેમના વારસદારોમાં ૩ દિકરી હતી ત્રણ દીકરીઓ પૈકી જાત્રીબેન તે ઢેડાભાઈ ઠગીયાભાઈની છોકરી જે હાલના કામે પ્રતિવાદી નં.૧ છે, તેમજ નકુબેન કે જેના સંતાન સીંગાભાઈ ગાંગલાભાઈ અને સરદીયાભાઈ ગાંગલાભાઈ જે હાલના દાવાના કામે વાદી તરીકે છે, તેમજ ત્રીજી એક છોકરી વચલીબેન ઢેડાભાઈ તરીકે હતા અને તેમાં ઢેડાભાઈ ઠગીયાભાઈના અવસાન તા.૫/૧૨/૧૯૬૩ ના રોજ થયેલ.

(૧.૨) વધુમાં તા.૨૪/૪/૧૯૬૩ ના રોજ પાર્ટીશન અંગેની નોંધ થયેલ જે અન્વયે વજલીબેન તથા જાત્રીબેન અને વાદીને પાર્ટીશન ડ્રાફટ મુજબ જમીન આપવામાં આવેલ, જે અંગેની નોધ પાર્ટીશન એસ.આર.૨૪/૬૦/૬૧ ના તા.૧૩/૧/૬૨ ના રોજ કરવામાં આવેલ જે અન્વયે નીચે મુજબ વહેચણ થયેલ અને વાદીના ભાગે એટલે બાઈ વચલી ઢેડા ઠગીયાની છોકરીને ભાગમાં સર્વે નં.૯૬, ૨ એકર ૨ ગુઠાં, આકાર– રૂા.૨. સદર જમીનમાં ઝાડો પૈકી પશ્ચિમ દિશામાં જોડા જોડમાં આવેલા ,ત્રણ આંબા અને પુર્વ હદના છેડા ઉપર મહુડો ખેર, આંબલીના ઝાડ વાદીના છે. વધુમાં બાકીના આંબા તથા બે મહુડાના ઝાડો પ્રતિવાદીના છે. અને

પ્રતિવાદીઓના ભાગે જેમાં જાતરી બેન સીંગા ગાંગલા, સરદીયા ગાંગલાના ભાગે સર્વે નં.૭૭ ક્ષેત્રફળ ૧ એકટ ૨૭ ગુઠાં, આકાર ૦–૧૫ તથા સર્વે નં.૧૧૦ /૧ ૨ એકર ૧૬ ગુઠાં આકાર ૦–૬–૦ નો ઉલ્લેખ કરવામાં આવેલ.''

(૧.૩) ઉપર મુજબની નોંધ થયા બાદ જમીનના ખાતા નં.૪૦ માં નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

| અનુક્રમ | બ્લોક | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|
| ૧ | ૯૭ | ૦–૬૮–૭૮ | ૦–૯૪ |
| ૨ | ૧૨૧ | ૧–૨૭–૨૪ | ૪–૮૧ |
| ૩ | ૩૭૫ | ૦–૨૪–૭૬ | ૦–૩૭ |

આમ, સદર જમીનો વાદી તથા પ્રતિવાદી નં.૧ ના સંયુકત નામે સરકારી દફતરે ચાલી આવેલ તે જમીન પૈકી બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩૨/૩ વાળી જમીન વાદીના કબજામાં પ્રચિમ તરફ ચાલી આવેલ અને વાદીના હિસ્સાની પુર્વ તરફની જમીન પ્રતિવાદી નં.૧ ના ભાગે ચાલી આવેલ અને તેઓ ખેડતા હતા પરંતુ તે જમીન નહેર સંપાદનમાં જવાથી તેની વળતરની રકમ પ્રતિવાદી નં.૧ નાએ વાદીની સંમતિ વગર લઈ લીધેલ અને તે કારણે પશ્ચિમ તરફનો અડધો હિસ્સો વાદીના કબજામાં છે ,તેમ છતા પ્રતિવાદી નં.૧ અને તેમના સગાઓની દાનત વાદીના કબજાવાળી જમીન ઉપર ગયેલ જેથી તેઓ જમીનનો કબજો બળજબરી પુર્વક છીનવી લેવા માંગે છે. જે સંજોગોમાં વાદી ધ્વારા ૨/૩ હિસ્સો અલગ કરવાની માંગણી કરેલ, પરંતુ પ્રતિવાદી નં.૧ નાઓ તેનો ઈન્કાર કરે છે તેજ રીતે બ્લોક નં.૯૭ અને બ્લોક નં.૧૨૧ વાળી જમીન કે જે વાદી સહીયારી રીતે ખેડતા આવેલા છે, તેમાં પણ પ્રતિવાદી નં.૧ હરકત અટકાયત કરતા આવેલ છે. જે કારણસર હાલનો દાવો કરવામાં આવેલ છે.

**(૨)** વાદી ધ્વારા પેરા નં.૧૩ અન્વયે દાદ માંગવામાં આવેલ છે કે, દાવાના પેરા–૩ માં જણાવેલ ખેતીની જમીન પૈકી બ્લોક ન.૯૭ તથા ૧૨૧ માં વાદીનો તથા પ્રતિવાદીનો ૧/૩ હિસ્સો છે અને તે કારણે વાદીઓના હિસ્સે આવતી ૨/૩ જમીનનો

હિસ્સો હદ હુદથી અલગ કરી આપવા તેમજ વાદીઓના પ્રત્યક્ષ ભોગવટામાં આવેલી જમીનમાં હસ્તે પરહસ્તે દખલ, હરકત, અટકાયત અવરોધ કરે નહી તે જ રીતે બ્લોક નં.૩૭૫ ના પ્રશ્ચિમ તરફના અડધા ભાગની ખેતી વિષયક જમીન વાદીની સ્વતંત્ર માલીકીની છે તેમ ઠરાવી આપવા અને તે બાબતનો પ્રતિવાદી હસ્તે પરહસ્તે હરકત દખલ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ વાદીના લાભમાં આપવો.

(૩) વાદીનો દાવો, દાવા રજીસ્ટરે દાખલ કરવામાં આવેલ અને કોડ ઓફ સીવીલ પ્રોસીજરના હુકમ–૫ મુજબ પ્રતિવાદીઓને હાજર થવા સમન્સ કાઢવામાં આવેલ. જે અન્વયે પ્રતિવાદીઓ હાજર થઈ આંક–૧૪ થી દાવાનો લેખિત જવાબ રજુ કરેલ.

(૪) પ્રતિવાદી તરફે તકરાર લેવામાં આવેલ કે વાદીના દાવાને જરૂરી પક્ષકારોનીખામી નો બાધ નડે છે અને વાદી ધ્વારા જરુરી પક્ષકારને પાર્ટી તરીકે જોડેલ ન હોય જેથી પક્ષકાર જોડવાની ખામીનો બાધ નડે છે, તેમજ વાદીનો દાવો સમય મર્યાદામાં કરવામાં આવેલ નથી. વધુમાં રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ નોંધ ખોટી છે. તેમજ દાવાવાળી સમગ્ર જમીન ઢેડાભાઈએ પોતાની હયાતીમાં જ પ્રતિવાદી નં.૧ ને આપી દીધેલ અને તે કારણે પ્રતિવાદી તે જમીન પર વર્ષોથી ખેતી કરી ઉપજ લેતા આવેલા. વધુમાં સદર દાવાવાળી સમગ્ર જમીન પર ૧૨ વર્ષ ઉપરાંતથી પ્રતિવાદી ખેતી કરતા આવેલા હોય, જેથી વિરુધ્ધ કબજાના આધારે પ્રતિવાદી માલીક થયેલ છે તે કારણે વાદીનો દાવો ચાલવા પાત્ર નથી. આમ, સદર દાવાવાળી જમીન વર્ષોથી પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોય, જેની જમીન મહેસુલ પણ પ્રતિવાદી જ ભરતા હોય, તેમજ જમીનમાં પીયત માટેનુ પાણી લઈ પ્રતિવાદી ખેતી કરતા આવેલા છે. જેથી વાદીનો કોઈ હકક અધિકાર નથી. તે જ રીતે બ્લોક નં.૩૭૫ વાળી જમીન પ્રતિવાદીની કબજા ભોગવટામાં હોય જે કારણે સંપાદનની રકમ મેળવવા માટે વાદીની કોઈ સંમતિ લેવાની જરૂર નથી.

(૫) વધુમાં પ્રતિવાદી તરફે તકરાર લેવામાં આવેલ છે કે, નકુબેન પરણીને સાસરે ગયેલ હોય અને દીકરીને બાપાની મીલકતમાં ભાગ મળી શકતો નથી. જયારે

પ્રતિવાદી નં.૧ માટે ઘર જમાઈ લાવવામાં આવેલ હોય,જે કારણે ઢેડાભાઈની મીલકતમાં વાદીને કોઈ હકક પ્રાપ્ત થતો નથી. જે સંજોગોમાં વાદીનો દાવો રદ કરવા વિનંતી છે તેમ જણાવવામાં આવેલ છે.

**(૬)** વાદી ધ્વારા આંક–૧૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ અને જણાવવામાં આવેલ કે, દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાદ નડતો નથી તેમ છતાં પ્રતિવાદીઓની તકરાર જોતા, પક્ષકાર જોડવાની જરૂરીયાત ઉભી થાય તો વાદીઓ તરફથી જરૂરી પક્ષકાર જોડવાનો હકક અબાધીત રાખેલ છે.

**(૭)** સદર દાવાના કામે વાદી તથા પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ.

**વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવાઓ**

(૧) આંક–૪૨ થી વાદી નટુભાઈ સીંગાભાઈની સોગંદપરની સરતપાસ

(૨) આંક–૮૬ થી વાદીના સાહેદ ચંદુભાઈ સીંગાભાઈની સોગંદપર સરતપાસ ,

(૩) આંક–૭૯ થી વાદીના સાહેદ નગીનભાઈ સોનીયાભાઈ ગામીતની સોગંદપરની સરતપાસ

**વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો**

| **અ.નં.** | **વિગત** | **તારીખ** | **આંક** |
|---|---|---|---|
| ૧ | દાવાવાળી જમીનોના ખાતા નં.૪૦ મોજે છીંડીયા તા.વ્યારાના ૮–અ ની નકલ | ૦૯/૦૭/૨૦૦૯ | ૪૭ |
| ૨ | મોજે છીંડીયા તા.વ્યારાના બ્લોક નં.૧૨૧ તથા સર્વે નં.૧૧૦/૧, ૧૧૦/૨, ક્ષેત્રફળ ૧–૨૭–૨૪ આકાર રૂા.૪–૮૧ પૈસા ના ૭/૧૨ ના ઉતારાની સને ૨૦૦૮–૦૯ ની નકલ | ૦૯/૦૭/૨૦૦૯ | ૪૮ |
| ૩ | બ્લોક ૯૭ સર્વે નં.૭૭/૧ ક્ષેત્રફળ ૦–૬૭–૭૮ આકાર રૂા.૦–૯૪ | ૦૯/૦૭/૨૦૦૯ | ૪૯ |
| ૪ | બ્લોક નં.૩૭૫ સર્વે ૩૩૨/૩ ક્ષેત્રફળ ૦–૨૪–૭૬ આકાર રૂા.૦–૩૭ | ૦૯/૦૭/૨૦૦૯ | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | દાવાવાળી જમીનોના ખાતા નં.૪૦ મોજે છીંડીયા તા.વ્યારાના ૮–અ ના ઉતારાની નકલ | ૩૦/૦૬/૨૦૦૯ | ૫૧ |
| ૬ | બ્લોક નં.૯૭ સર્વે નં.૭૭/૧ ક્ષેત્રફળ ૦–૬૭–૭૮ આકાર રૂા.૦–૯૪ | ૩૦/૦૬/૨૦૦૯ | ૫૨ |
| ૭ | બ્લોક નં.૩૭૫ સર્વે ૩૩૨/૩ ક્ષેત્રફળ ૦–૨૪–૭૬ આકાર રૂા.૦–૩૭ | ૩૦/૦૬/૨૦૦૯ | ૫૩ |
| ૮ | ખેડુત ખાતાવળહીની સહિ સિકકાવાળી નકલ | – | ૫૪ |
| ૯ | જમીન મહેસુલની અસલ પહોંચ | | ૫૫ થી ૭૪ |

## પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખીક પુરાવા

(૧) આંક–૯૧ થી પ્રતિવાદી નં.૩ રોહીતભાઈ ભાણાભાઈ ગામીતની સરતપાસ

(૨) આંક–૧૧૨ થી રાજેન્દ્રભાઈ રત્નાભાઈ ગામીતની સરતપાસ

(૩) આંક–૧૧૮ થી રવિન્દ્રભાઈ રત્નાભાઈ ગામીતની સરતપાસ

(૪) આંક–૧૨૩ થી સવિતાબેન ભિમલાભાઈ ગામીતની સરતપાસ

(૫) આંક–૧૩૩ થી મિનાક્ષીબેન ગુરજીભાઈ ગામીતની સરતપાસ

## પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | જમીન મહેસુલ ભર્યા અંગેની પહોંચ | ૯૩ |
| ૨ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ | ૯૪ |
| ૩ | જમીન મહેસુલ ભર્યા અંગેની પહોંચ | ૯૫ |
| ૪ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ | ૯૬ |
| ૫ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ તથા જમીન મહેસુલ ભર્યા અંગેની પહોંચ | ૯૭ |
| ૬ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ તથા જમીન મહેસુલ | ૯૮ |

| | | |
|---|---|---|
| | ભર્યા અંગેની પહોંચ | |
| ૭ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ | ૯૯ |
| ૮ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ | ૧૦૦ |
| ૯ | શિક્ષણ ઉપકણ ભર્યા અંગેની પહોંચ તથા જમીન મહેસુલ ભર્યા અંગેની પહોંચ | ૧૦૧ |
| ૧૦ | ગણોતની રકમ વસુલાત માટેની મામલતદારની નોટીસ | ૧૦૨ |
| ૧૧ | મહેસુલ અંગેની માંગણી નોટીસ | ૧૦૩ |
| ૧૨ | પાણીના પૈસાની માંગણી નોટીસ | ૧૦૪ |
| ૧૩ | જમીન સંપાદન અંગેની નોટીસ | ૧૦૫ |
| ૧૪ | ખાતર મેળવેલાની નાણાની રસીદ | ૧૦૬ |
| ૧૫ | તાલુકા/ જિલ્લા પંચાયતને નાણાં આપેલાની રસીદ | ૧૦૭ |
| ૧૬ | પિયતના પૈસાની જમાં પહોચ | ૧૦૮ |
| ૧૭ | ફોર્મ એસ ની નકલ | ૧૦૯, ૧૧૦ |
| ૧૮ | સબીસડીના નાણાની ખેડુત સહાય મેળવેલા પહોંચ | ૧૧૧ |

સદર કામે વાદી તરફે આંક– ૮૮ થી પુરાવા બંધની જાહેરાત કરવામાં આવેલ. જયારે આંક–૧૩૪ થી પ્રતિવાદી તરફે પુરાવા બંધની જાહેરાત કરવામા આવી.

(૮) સદર દાવા ના કામે વાદી તરફે વિધવાન વકીલ શ્રી કુલીન એસ.પ્રધાન ની દલીલ સાંભળવામાં આવી , તેમજ પ્રતિવાદી તરફે વિધવાન વકીલશ્રી જે.સી.ઢોડીયા ની દલીલ સાંભળવામાં આવી, તેમજ તેઓ તરફે કરવામાં આવેલ રજુઆત અન્વયે લેખીત દલીલ ઘ્યાને લેવામાં આવી , વાદી તરફે આંક ૧૩૮ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ જયારે પ્રતિવાદી તરફે આંક ૧૪૧ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ.

(૯) સદર દાવાના તકરારી નિર્ણય માટે કોડ ઓફ પ્રોસીજરની હુકમ–૧૪ મુજબ આંક–૩૮ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, આ કામે દાવાવાળી મીલકતો પૈકી બ્લોક નં.૩૭૫, સ.નં.૩૩૨/૩ નાં અડધા હિસ્સાની પશ્ચિમ તરફથી જમીન વાદીઓ તથા પુર્વ તરફના અડધા હિસ્સાની જમીન પ્રતિવાદી નં.૧ નાં ભાગે આવેલી છે અને તે રીતે તેઓ સદર જમીનો પ્રત્યક્ષ કબજે–ભોગવટે ધારી કરી ખેતી કરી ઉપજ લેતા આવેલા છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છેકે, બ્લોક નં.૯૭ તથા બ્લોક નં.૧૨૧ ની જમીનો પક્ષકારો સહીયારી ખેડી ઉપજ લેતા આવેલા છે?

(૩) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છેકે, વાદીનાં દાવાને સમયમર્યાદા અધિનિયમનો બાધ નડે છે?

(૪) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓના દાવાને જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડે છે?

(૫) શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે દાખલ થયેલા છે?

(૬) શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન ઢેડાભાઈએ પોતાની હાયતીમાં જ પ્રતિવાદી નં.૧ ને આપી દીધી છે અને તે જમીન પર તેઓ વર્ષોથી ખેતી કરી ઉપજ લેતા આવેલા છે?

(૭) શું આ કામે દાવાવાળી જમીન પર પ્રતિવાદીઓનુ એડવર્સ પઝેશન છે?

(૮) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૯) શું હુકમ અને હુકમનામુ?

**(૧૦) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.**

મુદા નં.૧ :– હકારમાં,

મુદા નં.૨ :– હકારમાં,

મુદા નં.૩ :– નકારમાં

મુદા નં.૪ :–નકારમાં

મુદા નં.૫ :–નકારમાં

મુદા નં.૬ :– નકારમાં

મુદા નં. ૭ :– નકારમાં

મુદ્દા નં. ૮ :–અંશત: હકારમાં

મુદા નં. ૯ :– આખરી હુકમ મુજબ.

**–: મુદા ના નિર્ણય અંગેના કારણો:–**

**મુદ્દા નં.૧**

**(૧૧)** વાદી તરફે રજુઆત કરવામાં આવેલ છેકે આ કામે દાવાવાળી મીલકતો પૈકી બ્લોક નં.૩૭૫, સ.નં.૩૩૨/૩ નાં અડધા હિસ્સાની પશ્ચિમ તરફથી જમીન વાદીઓ તથા પુર્વ તરફના અડધા હિસ્સાની જમીન પ્રતિવાદી નં.૧ નાં ભાગે આવેલી છે અને તે રીતે તેઓ સદર જમીનો પ્રત્યક્ષ કબજે–ભોગવટે ધારી કરી ખેતી કરી ઉપજ લેતા આવેલા જે અન્વવયે વાદી ધ્વારા આંક–૪૨ ની સોગંદ પરની સરતપાસમાં જણાવવામાં આવેલ કે, મોજે છીડીયાના બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩૨/૩ વાળી જમીન અમો વાદીઓના અડધા હિસ્સાની જમીન સિવાયની પુર્વ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના ભાગે આવેલ હતી. અને તેઓ ખેડતા હતા. તે જમીન નહેરમાં સંપાદન થવાથી તેની વળતરની રકમ પ્રતિવાદી નં.૧ નાએ અમો વાદીઓની સંમતિ વગર લીધેલ અને તે કારણે અમો વાદીઓના પ્રત્યક્ષ કબજામાં બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩૨/૩ ના અડધા હિસ્સાની પ્ર શ્ચિમ તરફની જમીન અમો વાદીઓ ખેડી તેની ઉપજ લેતા આવેલા. જેના અનુસંધાને વાદીની ઉલટતપાસ ધ્યાને લેતા નટુભાઈ સિંગાભાઈ ગામીત ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં શીંગાભાઈ ગાંગલીયાભાઈ અને સરાદીયાભાઈ ગાંગલીયાભાઈનુ નામ ચાલી આવેલ છે. એ વાત ખરી છે કે, સીંગાભાઈ અને સરાદીયાભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા હોવાથી દાવાવાળી જમીનનો કબજો આ કામના પ્રતિવાદી પાસેથી લઈ લેવા

મે હાલનો દાવો કરેલો. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં નોંધ નં.૧૪૫ થી સીંગાભાઈ સરાદીયાભાઈ અને જાતરીબેનના નામો દાખલ થયેલા. એ વાત ખરી છે કે, નોંધ નં.૧૪૫ વીલના આધારે કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, હાલનો દાવો કર્યો તે પહેલા મે આ જમીન બાબતે જાતરીબેન સામે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં બ્લોક નં.૩૭૫ માંથી નહેર પસાર થાય છે. એ વાત ખરી છે કે, આ નહેર બનાવવા માટે જમીન સરકારે સંપાદિત કરેલી. એ વાત ખરી છેકે, આ જમીન સંપાદનમાં વળતરના પૈસા જાત્રીબેનને ચુકવવામાં આવેલા. એ વાત ખરી છે કે, જાત્રીબેનને ચુકવવામાં આવેલી રકમ બાબતે આજદિન સુધી તકરાર લીધેલ નથી. એ વાત ખરી છે કે, મેં હાલનો આ દાવો ઢેડાભાઈ ઠગીયાભાઈની જમીન બાબતે જાહેરાત વહેચણી અને કાયમી મનાઈ હુકમ માટેનો કરેલો. આ દાવાવાળી જમીન બાબતે મુળ માલીક ઢેડાભાઈએ કરેલ અસલ વિલ કે પાર્ટીશન બાબતનુ લખાણ મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનનુ જમીન મહેસુલ વર્ષોથી જાત્રીબેન ભરતા આવેલા.

(૧૨) સદર દાવાના કામે આંક-૮૬ થી વાદીના સાહેદ ચંદુભાઈ સીગાભાઈ ગામીત ધ્વારા સોગંદ પર જણાવવામાં આવેલ છેકે, મારા ખેતરની બાજુમાં વાદીની જમીન આવેલ હોય જેથી દાવાવાળા જમીન જે નટુભાઈ સીંગાભાઈ ગામીત તથા તેમના કુટુંબના સભ્યો તેમજ સીગાભાઈ ગાંગલાભાઈ તથા સરાદીયાભાઈ ગાંગલાભાઈ જમીન ખેડતા આવેલા. હાલ નટુભાઈ સીગાભાઈ અવસાન પામેલા છે. સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ દાવાવાળી જમીનને અડીને મારી જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, આ જમીનમાંથી પાણી લઈ જવા માટે તથા રસ્તા માટે આ કામના પ્રતિવાદી રોહીતભાઈ સાથે. મારે અગાઉ બોલાચાલી થયેછલ હતી. એ વાત ખરી છે કે, આ જમીનના મુળ માલીક ઢેડાભાઈ ઠગીયા કરીને હતા. એ વાત ખરી નથી કે ઢેડાભાઈના મરણ થયા બાદ જાતરીબેન આ જમીન ખેડતા આવેલા.

(૧૩) આંક–૭૯ થી નગીનભાઈ સોનીયાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, દાવાવાળી જમીન જે નટુભાઈ સીગાભાઈ ગામીત અને તેમના કુટુંબ ના સભ્યો તથા સીગાભાઈ ગાંગલાભાઈ તથા સરદીયાભાઈ ગાંગલાભાઈ જમીન ખેડતા આવેલા તેની જાણ મને છે. તેમજ પ્રતિવાદીઓ જાતરીબેન વગેરેને જમીન ખેડતા કે તુલ ઉપજ લેતા મે જોયેલ નથી. સદર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે, છીડીયા ગામે મારી જે ખેતીની જમીન આવેલ છૈ જે બ્લોક નં.૩૮ અને સર્વે નં.૫૯ છે. એ વાત ખરી છે કે, કેટલા નંબરોની જમીન માટે આ દાવો કરેલ છે તે મને ખબર નથી. મારી જમીન અને દાવાવાળી જમીન વચ્ચે અડધો પોણો કીલોમીટરનુ અંતર છે. એ વાત ખરી નથી કે આ દાવાવાળી જમીન વર્ષોથી જાતરીબેન ખેડતા આવેલા અને મહેસુલ પણ ભરતા આવેલા.

(૧૪) આમ સદર કામે આંક–૪ર થી નટુભાઈ સીગાભાઈ ધ્વારા એમ બતાવવામાં આવેલ છે કે, બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩ર/૩ ના અડધા હિસ્સાની પશ્ચિમ તરફની જમીન વાદીના હિસ્સે અને પુર્વ તરફથી જમીન પ્રતિવાદીના હિસ્સે આવેલી હતી. અને તેના અનુસંધાને વાદી ઉલટતપાસમાં જણાવે છે કે, સદર જમીનમાંથી અમુક જમીન સંપાદીત થયેલી જેની રકમ જાતરીબેનને મળેલ હતી. જયારે આંક–૯૧ થી રોહિતભાઈ ભાણાભાઈ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, સીગાભાઈ અને સરાદીયાભાઈએ જમીનની વહેચણી કરવા કહેલુ પણ અમે ના કહેતા કેસ કરવો પડેલો. મને એ વાતની ખબરનથી કે મુળ માલીક ઢ્રેડાભાઈએ ગુજરી ગયા તે પહેલા કોઈ વીલ કે વસીયતનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ જમીનની કોઈ કાયદેસરની વહેચણી થઈ નથી. એ વાત ખરી છેકે, જાતરી બેન હરી ફરી શકે છે. તેજ રીતે આંક–૧૧ર થી રાજેન્દ્રભાઈ રતનાભાઈ ધ્વારા ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે કે, જાતરીબેન એક ગામેથી બીજા ગામે જઈ શકે છે. એ વાત ખરી છે કે, જાતરીબેન કોર્ટમાં પણ આવી શકે છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનો માંથી નહેરો થયેલ છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન સંપાદનમાં ગયેલ છે. એ વાત

ખરી છે કે, સંપાદન થયેલ જમીનના પુરેપુરા પૈસા જાતરી બેને લીધેલા છે. એ વાત ખરી છે કે, સંપાદનમાં ગયેલ જમીનના વળતરના પૈસા જાતરીબેને તેણીએ તે ભાગ ખેડતી હતી તેટલા લીધેલા હતા. આંક–૧૨૩ થી સવિતાબેન ભીમલાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ હકીકતની મને માહિતી નથી કે દાવાવાળી જમીનોમાંથી નહેર જતી હોય. સરકાર શ્રી ધ્વારા સંપાદન કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે વાદીઓ પોતાના હિસ્સાની જમીન ખેડતા હોય અને પ્રતિવાદીઓ તેમને અડચણ કરતા હોય જેથી પ્રતિવાદીઓ સામે દાવો કરેલ.

(૧૫) સદર કામે આંક–૧૩૩ થી મીનાક્ષી બેનની સરતપાસની હકીકત ધ્યાને લેતા સદર સાહેદ ધ્વારા ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે કે, નહેર આવેલી તે જમીનમાં બ્લોક સર્વે નં.૩૭૫ છે. નહેર આવેલી છે તે જમીનના નાણા મારા માતાએ લીધેલા છે. એ વાત ખરી નથી કે જેટલી જમીનમાંથી નહેર ગયેલ તેટલી જમીન મારી માતાના નામે આવેલ હોવાથી સંપાદનના પૈસા મારી માતાએ લીધેલા. એ વાત ખરી છે કે, વાદી સીગા ગાંગલા તેમજ સરદીયા ગાંગાલાના વારસોના ભાગની જમીન નહેરમાં ગયેલ હોવાના કારણે સંપાદનના નાણાં આપેલા ન હતા. એવાત ખરી નથી કે સંપાદનમાં ગયેલી જમીન સિવાયની અન્ય બે જમીનો વાદી પ્રતિવાદીના સરખો સહીયારો હિસ્સો ચાલી આવેલો.

**(૧૬.૧)** સદર પુરાવો ધ્યાને લેતા, વાદી ધ્વારા પોતાની સોગંદ પરની સરતપાસમાં જે હકીકત જણાવે છેકે, બ્લોક નં.૩૭૫ વાળી મીલકતમાં વાદીના હિસ્સે જે મીલકત આવેલી તે પશ્ચિમ તરફનો હિસ્સો વાદી પાસે છે. અને પુર્વ તરફનો હિસ્સો પ્રતિવાદી નં.૧ જાતરી બેન પાસે હતો. અને જાતરીબેનને હિસ્સે આવેલી સદર જમીન સંપાદનમાં ગયેલ હોય જે કારણે તે રકમ જાતરીબેને મેળવેલ હતી. જે બાબતનો વાદીની ઉલટતપાસમાં પ્રતિવાદી તરફે ઈન્કાર કરવામાં આવેલ નથી.

**(૧૬.૨)** જેનાથી વિરુધ્ધ આંક–૧૧૨ના પ્રતિવાદીના સાહેદ ધ્વારા સદર હકીકત ને સમર્થન ઉલટતપાસમાં આપેલ છે અને આંક–૧૧૨ ના સાહેદ રાજેન્દ્રભાઈ

રતનાભાઈ ધ્વારા સ્વીકારવામાં આવેલ છેકે, જાતરીબેને તેણી જે ભાગ ખેડતી હતી તે જમીનના વળતરના પૈસા લીધેલા હતા તેજ રીતે જાતરીબેન હયાત હોય તથા તેઓ હરીફરી શકે છે અને કોર્ટમાં પણ આવી શકે છે તેવી હકીકત ઉલટતપાસમાં ખુલવા પામેલ હોવા છતાં જાતરીબેન ધ્વારા , વાદી ધ્વારા જણાવવામાં આવેલ હકીકતનું ખંડન કરવા માટે કોર્ટ રૂબરૂ સોગંદઉપર જુબાની આપવા હાજર રહેલ નથી જે સંજોગોમાં સરતપાસમાં જણાવવામાં આવેલ સદર હકીકત ન માનવાને કોઈ કારણ નથી. પ્રતિવાદી નં.૧ તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, બ્લોક નં.૩૭૫ વાળી જમીન તેમના હિસ્સે માલીકી હકકથી આવેલ છે. જે કારણે જયારે તેમને વળતરની રકમ મળે ત્યારે તે બાબતે વાદીની સંમતિની જરૂર ન હતી. પરંતુ ઢેડાભાઈ ઠગીયાભાઈ ધ્વારા સર્વે નં.૩૭૫ વાળી જમીન પ્રતિવાદીને આપેલ હોય, તેવી હકીકત પુરવાર કરવા માટે ના કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. સદર કામે આંક–૯૩ અને ૯૪ બ્લોક નં.૧૩૫, આંક–૯૫ થી ખાતા નં.૪૫ તેમજ આંક–૯૭, ૯૮,૯૯ ૧૦૦, ૧૦૧ ઘ્યાને લેતા ખાતા નં.૪૫ તથા ખાતા નં.૧૩૫ ની જમીનના મહેસુલ જાતરીબેને ભરેલ છે. તેમજ આંક–૧૦૫ ઘ્યાને લેતા સંપાદન સમયે નોટીસ ઢેડાભાઈ ઠગીયાભાઈને આપવામાં આવેલી તેવી હકીકત જણાય છે. જયારે આંક–૧૦૯ અન્વયે જાતરીબેન પાસેથી મહેસુલની રકમ માટે નોટીસ આપવામાં આવેલાનુ જણાય છે. પરંતુ તે નોટીસમાં કઈ જમીન બાબતે મહેસુલની લેણી રકમ માંગવામાં આવેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા નથી. તેમજ આંક–૧૦૭ અન્વયે નો દસ્તાવેજ ઘ્યાને લેતા તે પણ ખાતા નં.૩૭૫ બાબતનો હોય તેવી કોઈ સ્પષ્ટતા થતી નથી. જે સંજોગોમાં એવી હકીકત પુરવાર થાય છે કે, પ્રતિવાદી નં.૧ ના કબજા ભોગવટામાં જેટલી જમીન હતી તે જમીન સંપાદનમાં ગયેલ હતી અને તેની રકમ પ્રતિવાદી નં.૧ નાઓને મળેલ હતી તેમ જણાઈ આવે છે. તેમજ સદર જમીનમાં વાદી ખેતી કામ કરતા આવેલ હોય તેવી હકકીત આંક–૭૯ અને

૮૬ ના સાહેદની ઉલટતપાસ પરથી જણાય આવે છે જે અન્વયે **મુદા નંબર ૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

**મુદ્દા નં.ર**

**(૧૭)** વાદી ધ્વારા જણાવવામાં આવેલ છે કે, બ્લોક નં.૯૭ તથા બ્લોક નં.૧૨૧ ની જમીન પક્ષકાર તરીકે સહીયારી ખેડી ઉપજ લેતા આવેલા છે. જેના અનુસંધાને આંક–૭ર થી નટુભાઈ સીગાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, બ્લોક નં.૯૭ તથા બ્લોક નં.૧૨૧ વાળી જમીનો સહીયારી પણામાં ખેડી ઉપજ લેતા આવેલા પરંતુ હાલમાં કેટલાક સમયથી પ્રતિવાદીઓની દાનત બગડેલી હોય અમો વાદીના કબજામાં હરકત દખલ કરી તમામ જમીન બળજબરીથી કબજો છીનવી લેવા માંગે છે. અમો વાદીઓને દાવાવાળી જમીનો પૈકી બ્લોક નં.૯૭ અને બ્લોક નં.૧૨૧ વાળી જમીનો સહીયારી રીતે ખેડતા ઉપજ લેતા પ્રતિવાદીઓ હસ્તે પરહસ્તે હરકત દખલ કરે કરાવે નહી જેના અનુસંધાને ઉલટતપાસમાં વાદી ધ્વારા જણાવવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનો રેવન્યુ રેકર્ડમાં સીંગાભાઈ ગાંગલીયાભાઈ અને સરદીયાભાઈ ગાંગલીયાભાઈનુ નામ ચાલી આવેલ છે. એ વાત ખરી છે કે, સીંગાભાઈ અને સરદીયાભાઈના નામો રેવન્યુ રેકર્ડમાં ચાલતા હોવાથી દાવાવાળી જમીનનો કબજો આ કામના પ્રતિવાદી પાસેથી લઈ લેવા મે હાલનો દાવો કરેલો છે. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનમાં ખેતી કરી જાતરીબેન ઢેડાભાઈનુ ભરણપોષણ કરતા અને સેવા ચાકરી કરતા હતા. એ વાત ખરી નથી કે ઢેડાભાઈએ તેમની હયાતીમાં દાવાવાળી જમીન જાતરીબેનને ખેડવા આપેલી. એ વાત ખરી નથી કે જાતરીબેન વૃઘ્ધ હોવાથી અને આ કામના પ્રતિવાદી નં.ર થી ૪ નાઓ તેમને મદદ કરતા હોવાથી તેઓને ખોટી રીતે હેરાન કરવા માટે પ્રતિવાદી નં.ર થી ૪ તરીકે જોડેલા.

**(૧૮)** સદર કામે આંક–૭૯ થી નગીનભાઈ સોનીયાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, આ જમીનના મુળ માલીક સીંગા ગાંગલા અને સરદીયાભાઈ ગાંગલા છે. આ દાવાવાળી જમીન આ સીંગા તથા સરાદીયા પાસે કેવી રીતે આવી તે મને ખબર નથી.

એ વાત ખરી નથી કે આ દાવાવાળી જમીન વર્ષોથી જાતરીબેન ખેડતા આવેલા અને મહેસુલ પણ ખેડતા આવેલા.

(૧૯) સદર કામે આંક–૮૬ થી ચંદુભાઈ સીંગાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનો છેડાને અડીને મારી જમીન આવેલી છે. દાવાવાળી જમીનની ઉત્તર દિશા તરફ અને પશ્ચિમ દિશા તરફ મારી જમીન આવેલી છે તેથી મને દાવાવાળી જમીન વાદી ખેડતા હતા તેની મને જાત માહિતી છે. તેમજ સદર સાહેદ ધ્વારા ઉલટતપાસ માં જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છેકે આ દાવાવાળી જમીનને અડીને મારી જમીન આવેલી છે. એ વાત ખરીછે કે આ જમીન માંથી પાણી લઈ જવા માટે તથા રસ્તા માટે આ કામના પ્રતિવાદી રોહીતભાઈ સાથે મારે અગાઉ બોલાચાલી પણ થયેલી. એ વાત ખરી છેકે, ત્યારથી મારે અને રોહીત ભાઈને બોલવાનો વહેવાર નથી. એ વાત ખરી છે કે, આ જમીનનાં મુળ માલીક ઢેડાભાઈ ઠગીયાભાઈ કરીને હતા. એ વાત ખરી છેકે, આ કામના પ્રતિવાદી જાતરીબેન આ ઢેડાભાઈની દીકરી છે. એ વાત ખરી છેકે, આ કામના બીજા પ્રતિવાદીઓ અશોક રોહીત વિગેરેઆ જાતરીબેન દાદી થાય છે. એ વાત ખરી છે કે, ઢેડાભાઈનુ મરણ થયા બાદ આ જમીન જાતરીબેન ખેડતા આવેલા.

(૨૦) સદર કામે આંક–૯૧ થી પ્રતિવાદી નં.૩ રોહીતભાઈ ભાણાભાઈની સરતપાસ ધ્યાને લેતા, તેઓ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અમો પ્રતિવાદીનો વર્ષોથી એટલેકે ઢેડાભાઈના વખતથી ચાલી આવેલ હોય અને ત્યારથી દાવાવાળી જમીન અમો પ્રતિવાદી ખેડી વર્ષો વર્ષ કોઈપણ જાતના અવરોધ કે દખલ વગર ખેતી કરી ઉપજ લેતા આવેલા છે. તેમજ તેનુ મહેસુલ પણ અમે ભરીએ છીએ. સદર પ્રતિવાદી ની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન છીડીયા ગામે આવેલી છે. એ વાત ખરી નથી કે, સીગાભાઈ અને સરદીયાભાઈને જમીન ની વહેચણી કરવા કહેલી પણ અમે ના કહેતા

આ કેસ કરવો પડયો છે. એ વાત ખરી છેકે, આ જમીન કોઈ કાયદેસરની વહેચણી થઈ નથી. એ વાત ખરી છે કે, જાતરીબેન હરીફરી શકે છે.

**(૨૧)** સદર કામે આંક–૧૧૨ થી રાજેન્દ્રંભાઈ રત્નાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, ત્રણ બ્લોક સર્વે નંબર વાળી જમીન છે પણ તેના નંબર ખબર નથી. આ જમીન હું ગામમાં રહેતો હોય જેથી જોયેલી. દાવાવાળી સમગ્ર ખેતીની જમીન ઢેડાભાઈ તેમની હયાતીમાં માલીકી હકકે પ્રતિવાદી નં.૧ જાતરીબેનનાઓને આપી દીધેલી અને ત્યારથી દાવાવાળી સમગ્ર જમીનનો કબજો જાતરીબેન ધારણ કરેલ છે. જેના અનુસંધાને તેઓની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છેકે, વજલીબેનના વારસો એમની જમીનો ખેડે અને જાતરીબેનના વારસો એમની જમીનો ખેડે છે. એ વાતની મને ખબર નથી કે વાદીઓએ પ્રતિવાદી જાતરીબેનને જણાવેલ કે વહેંચણી મુજબ જમીન વહેચી લઈએ ત્યારથી જમીનો બાબતે અમારે તકરાર છે. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીન સીંગાભાઈ ગાંગલાભાઈ તથા સરાદીયાભાઈનાઓએ તેમના ભાગની જમીન ખેડતા આવેલા.

**(૨૨)** સદર કામે આંક–૧૧૮ થી રવીન્દ્રભાઈ રત્નાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, ઢેડાભાઈએ તેમની હયાતીમાં પ્રતિવાદી નં.૧ જાતરીબેનને ખેતીની જમીન આપી દીધેલી અને ત્યારથી પ્રતિવાદી નં.૧ જાતરીબેન ધ્વારા જમીનનો કબજો ધારણ કરી વર્ષોથી સદર જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલા. સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, જાતરીબને અને વજલીબેનની વચ્ચે જમીનની વહેચણી થયેલી નથી. દાવાવાળી મીલકતમાં વાદીઓનો ૨/૩ હિસ્સો છે. અને જાતરીબેનનો ૧/૩ હિસ્સો આવેલો છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનોની ઉપજ વાદીઓ જાતરીબેન સાથે સહીયારી પણામાં લેતા આવેલા છે.

**(૨૩)** સદર કામે આંક–૧૨૩ થી સવિતાબેન ભીમલાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છેકે, દાવાવાળી જમીનની અંદર જાતરીબેન

અને વચલીબેન વચ્ચે કોઈપણ જમીનની વહેચણી થયેલી નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન સહીયારામાં વાદી પ્રતિવાદી હાલની તારીખે પણ ખેડે છે.

**(૨૪)** સદર કામના આંક–૧૩૩ થી મીનાક્ષીબેન ગુરજીભાઈ ધ્વારા સરતપાસમાં જણાવવામાં અ ાવેલ છેકે, ાદાવાવાળી સમગ્ર જમીન ઢેડાભાઈએ તેમની હયાતીમાં માલીકી હકકે પ્રતિવાદી નં.૧ જાતરીબેનનાઓને આપી દીધેલ અને ત્યારથી દાવાવાળી સમગ્ર જમીનોનો કબજો પ્રતિવાદી નં.૧ જાતરીબેન ધ્વારા ધારણકરવામાં આવેલ છે. સદર સાહેદ ધ્વારા ઉલટતપાસમાં જણાવવામં આવેલ છે કે, એ વાત ખરી છે કે મે તથા મારા ઘરવાળાઓએ વાદીઓને જમીન છુટી કરી આપવાની ના પાડી તથા જમીન ખેડવા દેવાના નથી તેવુ જણાવેલુ. એ વાત ખરી છે કે, ગુરજીભાઈ જરાલી ગામના છે. એ વાત ખરી નથી કે, દાવાવાળી ત્રણેય જમીન નકુબેન અને જાતરીબેન માટે જ રાખેલી.

**(૨૫)** વધુમાં જાતરીબેન પોતે હયાત હોવા છતા કોર્ટ રૂબરૂ પુરાવો રજુ કરવા માટે હાજર રહેલ નથી. અન્ય પ્રતિવાદીઓનો પુરાવો ધ્યાને લેતા જાતરીબેન કોર્ટ રૂબરૂ આવવા માટે સક્ષમ છે તેમ છતાં તેઓ હાજર રહેતા નથી. હાલના કામે બ્લોક નં.૯૭ અને ૧૨૧ ની જમીન ઢેડાભાઈ ઠગીયાભાએ તેમના જ વખતમાં આપી દીધેલ હોય તે દર્શાવવા માટે નો કોઈ આધાર રજુ કરવામાં આવેલ નથી જે સંજોગોમાં સદર જમીન જાતરીબેનને સોપવામાં આવેલ હોય અથવા વહેચાણથી આપવામાં આવેલ હોય તે દર્શાવવા માટે જાતરીબેન પોતે હાજર રહી સોગંદ ઉપર જુબાની આપવાની થાય તેમ છતાં જાતરીબેન હાજર રહેલ નથી જે સંજોગોમાં સદર બ્લોક નં.૯૭ અને ૧૨૧ વાળી જમીનનુ વહેચાણ થયેલ નથી તેમ માનવાને કારણ રહે છે.

**(૨૬)** આમ, સદર પુરાવો ધ્યાને લેતા જેની સાથે આંક–૪૭ ધ્યાને લેતા બ્લોક નં.૯૭ અને ૧૨૧ વાળી જમીનો પક્ષકારોની સહીયારી માલીકીની જણાય આવે છે. એ જ રીતે સદર જમીનના મુળ માલીક ઢેડાભાઈ ઠગીયાભાઈ કરીને હતા.**જે સંજોગોમાં સદર જમીન આ કામના વાદી તેમજ પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મીલકત**

**છે.**વધુમાં સદર જમીન વાદી પ્રતિવાદી સહીયારી ખેડતા આવેલા હોય તેમજ જણાય આવેલ છે. એ જ રીતે સદર પુરાવાના આધારે જાતરીબેન તેમજ વજલીબેન ધ્વારા પણ સહીયારી રીતે સદર જમીન ખેડતા આવેલ હોય તેવી હકીકત ખુલવા પામેલ છે. તે સંજોગોમાં **મુદ્દા નં.૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

**મુદ્દા નં.૪**

**(૨૭)** પ્રતિવાદી ધ્વારા તકરાર લેવામાં આવેલ છેકે, વાદીના દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડે છે. જેના અનુસંધાને આંક-૯૧ થી રોહીતભાઈ ભાણાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, મૈ. ઢેડાભાઈ ને નકુબેન, વજલીબેન અને જાતરીબેન કરીને પુત્રી સંતાન થયેલા. અને વાદીએ સદર દાવા અરજના તમામ વારસોને પક્ષકાર બનાવેલ નથી. જેના કારણે પક્ષકાર જોડવાની ખામીનો બાધ નડે છે. જે અન્વયે ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, ઢેડાભાઈ ઠગીચાભાઈ ગુજરી ગયા ત્યારે નકુબેન, જાતરીબેન અને વજલીબેન એમ ત્રણ દીકરી મુકતા ગયેલા. એ વાત ખરી છે કે, નકુબેન તે ઢેડાભાઈ ઠગીચાભાઈની સૌથી મોટી દીકરી છે. તેજ રીતે આંક-૧૧૨ થી રાજેન્દ્રભાઈ રત્નાભાઈ ધ્વારા પણ જણાવવામાં આવેલ છે કે, તમામ જમીનો મૈ. ઢેડા ઠગીચાભાઈના વખતની છે. મૈ. ઢેડાભાઈને નકુબેન, વજલીબેન અને જાતરીબેન કરીને પુત્રી સંતાનો થયેલા તેમાં વાદીઓ નકુબેનના વારસો છે તથા પ્રતિવાદીઓમાં જાતરીબેન ઢેડાભાઈની પુત્રી છે અને બીજા પ્રતિવાદીઓ જાતરીબેનના દીકરા દીકરીઓના સંતાન છે. આમ, વાદી પ્રતિવાદીઓ ઉપરાત ઢેડાભાઈની પુત્રી વજલીબેનના વારસો પણ હયાત છે. આમ, સદર પુરાવો ધ્યાને છેતા મુળ ઢેડાભાઈ ઠગીચાભાઈની દીકરી વજલીબેન કે તેમના વારસદારોને હાલના દાવામાં જોડવામાં આવેલ નથી તેવી હકીકત સ્પષ્ટ થાય છે.

(૨૮) આંક–૧૧૨ ની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે વજલીબેનના વારસે સીંગાભાઈ અને સરાદીયાભાઈ જમીનો ખેડે એટલે જાતરીબેન તકરાર કરતી હતી. એ વાત ખરી છે કે, વજલીબેનના વારસો એમની ખેડે અને જાતરીબેનના વારસો એમની જમીનો ખેડે. હાલના કામે વાદીની આંક–૪૨ ની ઉલટતપાસ ધ્યાને લેતા વાદી સીંગાભાઈ ગાંગલાભાઈના પુત્ર નટુભાઈ સીગાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનના મુળ માલીક ઢેડાભાઈ ઠગીયાભાઈ કરીને હતા. એ વાત ખરી છે કે, ઢેડાભાઈને સંતાનમાં ત્રણ દીકરી હતા. એ વાત ખરી છે કે, ત્રણ દીકરીમાં એકનુ નામ નકુબેન હતુ અને અમે નકુબેનના વારસો છીએ. એ વાત ખરી છે કે, ઢેડાભાઈની બીજી દીકરીનુ નામ વજલીબેન હતુ જે હાલ મરણ ગયેલ છે. એ વાત ખરી છે કે, આ વજલીબેનના વારસો હયાત છે. આ વજલીબેનના સંતાનો લગભગ ત્રણ સંતાન છે જેમાં મુન્નો અને વજીયો બે ને હું ઓળખુ છું પણ વેચીયાને ઓળખતો નથી એ વાત ખરી છે કે, આ વજલીબેનના સંતાનોને આ દાવાના કામે પક્ષકારો તરીકે જોડેલા નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં સીંગાભાઈ ગાંગલીયાભાઈ અને સરાદીયાભાઈ ગાંગલીયાભાઈનુ નામ ચાલી આવેલ છે. એ વાત ખરી છે કે, સીંગાભાઈ અને સરાદીયાભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા હોવાથી દાવાવાળી જમીનનો કબજો આ કામના પ્રતિવાદી પાસેથી લઈ લેવા મે હાલનો દાવો કરેલો.

(૨૯) આમ, સદર ઉલટતપાસ ધ્યાને લેતા દાવાવાળી જમીન કે જે મુળ ઢેડાભાઈ ઠગીયાભાઈની હતી જેના અનુસંધાને હિન્દુ વારસા અધિનિયમની જોગવાઈ ધ્યાને લેતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સ્થાપિત સિધ્ધાંર્ત ધ્યાને લેતા ઢેડાભાઈ ઠગીયાભાઈની ત્રણેય દીકરીઓનો દાવાવાળી મીલકતમાં સરખો હિસ્સો સમાયેલો છે તેમ છતા ઢેડાભાઈ ઠગીયાભાઈની પુત્રી સંતાન વજલીબેન કે તેના વારસો સંતાનોને જોડવામાં આવેલ નથી.

(૩૦) વાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, વજલીબેનને તેમના હિસ્સાની મીલકત અગાઉથી આપી દેવામાં આવેલ છે અને તે બાબતે કોર્ટ કેસ થયેલા. વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, વજલીબેનને તેમના હિસ્સાની જમીન વીલના આધારે આપી દેવામાં આવેલ છે. પરંતુ તેવા કોઈ કોર્ટ કેસનુ રેકર્ડ કે હુકમનામાની નકલ હાલના કામે રજુ કરવામાં આવેલ નથી.

(૩૧) સદર દાવા ના કામે આંક–૪૨ થી અન્વયે સરતપાસમાં જણાવવામાં આવેલ છે કે, વાદીઓને મળેલ માહિતી મુજબ તેમજ સરકારી દફતરે થયેલ નોંધ મુજબ મોજે છીડીયા તાલુકો વ્યારાના ગામ નમુના નં.૬ ના પત્રકે ફેરફાર નોંધ તા.૨૪/૪/૬૩ ના રોજ સર્કલ ઓફીસર વ્યારાનાઓએ મંજુર કરેલ જેની સહી સિકકા વાળી નકલ નિ.૩/૬ થી રજુ કરેલ છે. જે ગામ નમુના નં.૬ ના પત્રકે સરકારી દફતરે જણાય આવે છે. જેમાં પાર્ટીશન અંગેની નોંધ થયેલ હોય અને જે અન્વયે વજલીબેન તે ઢેડા ઠગીયાની છોકરી તથા પ્રતિવાદી નં.૧ જાતરીબેન ઢેડાભાઈ તથા હાલના વાદીઓ સીંગા ગાંગલા તથા સરાદીયા ગાંગલાની પાર્ટીશન ડ્રાફ્ટ મુજબ જમીન આપવાનુ નકકી થયેલ. જે પાર્ટીશન એસ.આર.૨૪/૬૦/૬૧ તા.૧૩/૧૧/૬૨ મુજબ નોંધ કરવામાં આવેલ. સદર મહેસુલી નોંધની નકલ– નિ.૩/૩ થી રજુ કરવામાં આવેલ. જે દસ્તાવેજને આંક આપવામાં આવેલ નથી. સદર રેવન્યુ નોંધમાં પાર્ટીશન કેસ અંગે નોંધ થયેલ છે એમ જણાવવામાં આવેલ છે. જેમાં સર્વે નં. ૯૬, ૨–૨ એકર ગુંઠા જેનો આકાર ૨–૦, વજલીબેન ઢેડાભાઈના હિસ્સે આવેલ એમ બતાવવામાં આવેલ છે. જયારે જાતરીબેન, સીંગાભાઈ ગાંગલા તથા સરાદીયા ગાંગલાના હિસ્સે સર્વે નં.૭૭, ૧–૨૭ એકર ગુંઠા, ૧૧૦/૧, ૨–૧૬ એકર ગુંઠા, ૧૧૦/૩, ૦–૩૨ એકર ગુંઠા, ૩૩૨/૩, ૦–૫ એકર ગુંઠા આવેલ તેમ નોંધ કરવામાં આવેલ. સદર મહેસુલી નોંધની વાદી કે પ્રતિવાદીઓ કે વજલીબેન ધ્વારા પડકારવામાં આવેલ નથી. જેના અનુસંધાને પુરાવા અધિનિયમની કલમ–૩૫ ધ્યાને લેતા,

*કલમ–૩૫ જાહેર રેકર્ડમાં અથવા તેના ઈલેકટ્રોનીક રેકર્ડમાં પોતાની ફરજ તરીકે કરવામાં આવેલી એન્ટ્રીની પ્રસ્તુતતા:–*

*કઈ જાહેર કરી બીજા સરકારી દફ્તર, રજીસ્ટર કે રેકોર્ડમાં વાદગ્રસ્ત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી અને કઈ રાજયના કર્મચારીએ પોતાના હોદ્દાની ફરજ અદા કરતી વખતે કરેલી અથવા તે દેશમાં એવા દફ્તર રજીસ્ટર કે રેકોર્ડ રાખવામાં આવતું હોય તેના કાયદાની ખાસ કરીને ફરમાવવામાં આવેલી ફરજનું પાલન કરતાં કોઈ વ્યકિતએ કરેલી નોંધ કે એન્ટ્રી (અથવા ઈલેકટ્રોનીક રેકોર્ડ) ખુદ પ્રસ્તુત હકીકત છે.*

જે સંજોગોમાં સદર મહેસુલી નોંધ ન માનવાને કોઈ કારણ નથી. આ બાબત ધ્યાને લેતા ઢેડાભાઈ ઠગીયાભાઈની મીલકત પૈકી જે તે સમયે સર્વે નં.૯૬ વાળી મીલકત વજલીબેન તે ઢેડા ઠગીયાના હિસ્સે આવેલ હતી તેમ જણાય આવે છે તે જ રીતે બાકી વધેલ જમીન ૭૭, ૧૧૦/૧, ૧૧૦/૩ અને ૩૩૨/૩ વાળી મીલકત આ કામના વાદી તેમજ પ્રતિવાદી નં.૧ ના હિસ્સે આવેલ હતી તેવી હકીકત જણાય આવતી હતી અને તે જમીનો ખાતા નં.૪૦ અન્વયે સર્વે નં.૯૭, ૧૨૧ અને ૩૭૫ અન્વયે વાદી તેમજ પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલ છે. તેવી હકીકત પુરવાર થાય છે. જેથી સદર મીલકત ની વહેચાણ માટે વાદી તેમજ પ્રતિવાદી નં.૧ જરૂરી પક્ષકાર છે અને જયારે વજલીબેનની તેમનો હિસ્સો અગાઉથી મળી ગયેલ છે ત્યારે તેઓને જરૂરી પક્ષકાર તરીકે ગણી શકાય નહી જે બાબત ધ્યાને લેતા વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડતો હોય એમ કહી શકાય નહી જે અન્વયે **મુદા નંબર ૪ નો નિર્ણય નકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૫**

**( ૩૨)** પ્રતિવાદી નં.૧ તરફે તકરાર લેવામાં આવેલ છે કે, રેવન્યુ રેકર્ડમાં ખોટી નોંધ દાખલ થયેલી છે. જે અન્વયે દલીલ કરવામાં આવેલી કે નિ.૩/૫ તથા નિ.૩/૬ દાખલ થયેલ રેવન્યુ નોંધ ખોટી અને ગેરકાયદેસર છે.વધુમાં દલીલ કરવામાં આવેલ છે. વાદીએ પોતાની ઉલટતપાસમાં કોઈ વિલ કે પાર્ટીશન ડીડ રજુ કરેલ નથી

અને ઉલટતપાસ તરફ ધ્યાન દોરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આંક-૪૨ ની ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં નોંધ નં.૧૪૫ થી સીંગાભાઈ, સરાદીયાભાઈ અને જાતરીબેનના નામ દાખલ થયેલા જે નોંધ આ કામે રજુ રાખેલી. એ વાત ખરી છ`કે, નોંધ નં.૧૪૫ વીલના આધારે કરવામાં આવેલી. આ નોંધ જેના આધારે પડી તે વીલ મારી પાસે છે. આ વીલ હું રજુ કરવા સંમત છું. એ વાત ખરી છે કે, નોંધ નં.૧૪૫ ગણી જગ્યાએ છેકછાક કરી ત્યાર બાદ તેઓએ જણાવેલ કે, મેં અગાઉની મુદતે જણાવેલ તેવુ વીલ અને પાર્ટીશન ડ્રાફ્ટ હું આજરોજ મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે, ઢેડાભાઈની મીલકતની અગાઉ વહેચણી થયા બાબતનુ મારી પાસે કોઈ લખાણ નથી. જે સંજોગોમાં સદર મહેસુલી નોંધ ખોટી છે તેમ રજુઆત કરવામાં આવેલી છે. જેના અનુસંધાને નોંધવાનુ થાય છે કે, સદર મહેસુલી નોંધ પ્રતિવાદી ની દલીલ તેમજ વાદીની સરતપાસના આધારે સને ૧૯૬૩ માં પાડવામાં આવેલ અને તેમજ સદર મહેસુલી નોંધ ૧૯૬૩ પછી આજદિન સુધી સક્ષમ સત્તાધિકારી રૂબરૂ પડકવામાં આવેલ નથી. વધુમાં આ તબકકે ગુજરાત લેન્ડ રેવન્યુ કોર્ડની કલમ- ૩૭ ધ્યાને લેતા ,

> "SECTION-37 : All public roads, etc., and all lands which are not the property of others belong to the Government 37:All Public Roads, Etc., And All Lands Which Are Not The Property Of Others Belong To The Government
>
> (1) All public roads, lanes and paths, the bridges, ditches, dikes, and fences, on or beside, the same, the bed of the sea and of harbors and creeks below high water-mark, and of rivers, streams, nalas, lakes, and tanks, and all canals, and water-courses, and all standing and flowing water and all lands wherever situated, which are not the property of individuals, or of aggregates of persons legally capable of holding property, and except in so far as any rights of such persons may be established, in or over the same, and except as may be otherwise provided in any law for the time being in force are and are hereby declared to be, with all rights, in orover the same or appertaining thereto, the property of the Government, and it shall be lawful for the Collector subject to the orders of the 23[State Government], to dispose of them in such manner as he may deem fit,

or as may be authorized by general rules sanctioned by 24[the Government concerned], subject always to the rights of way, and all other rights of the public or of individuals legally subsisting. Explanation.-In this section "high-water- mark" means the highest point reached by ordinary spring-tides at any seasons of the year.

(2) Where any property or any right in or over any properties is claimed by or on behalf of the Government or by any person as against the Government, it shall be lawful for the Collector or a survey officer, after formal inquiry of which due notice has been given, to pass an order deciding the claim.

(3) Any suit instituted in any Civil Court after the expiration of one year from the date of any order passed under sub-section (1) or sub-section2 or, if one or more appeals have been made against such order within the period of limitation, then from the date of any order passed by the final appellate authority, as determined according to section 204, shall be dismissed (although limitation has not been set up as a defence) if the suit is brought to set aside such order or if the relief claimed is inconsistent with such order, provided that in the case of an order under sub- section (2) the plaintiff has had due notice of such order.

(4) Any person shall be deemed to have had due notice of an inquiry or order under this section if notice thereof has been given in accordance with rules made in this behalf by the State Government."

આમ, સદર જોગવાઈ ધ્યાને લેતા એક વર્ષની અંદર દાવો દાખલ કરવાનો હોય પરંતુ તેની સાથે હાલના તબકકે ગુજરાત લેન્ડ રેવન્યુ કોર્ડ્રની કલમ–૨૦૩ પણ ધ્યાને લેવાની થાય જે નીચે મુજબ છે.

"SECTION-203 : Appeal to lie from any order passed by revenue officer to his superior 203:Appeal To Lie From Any Order Passed By Revenue Officer To His Superior In the absence of any express provision of this Act, or of any law for the time being in force to the contrary, an appeal shall lie from any decision or order passed by a revenue officer under this Act or any other law for the time being in force to that officer's immediate superior, whether such decision or order may itself have been passed on appeal from a subordinate officer's decision or order or not. "

આમ, લેન્ડ રેવન્યુ કોર્ડની કલમ–૨૦૩ અને તેની સાથે કલમ–૨૦૪ ની જોગવાઈ ધ્યાને લેતા, રેવન્યુ ઓથોરીટી ધ્વારા આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી તે બાબતનો નિર્ણય કરવા બાબતે કલમ–૧૧ ધ્યાને લેવાની થાય. જે નીચે મુજબ છે.

"SECTION-11: SUITS, NOT TO BE ENTERTAINED UNLESS PLAINTIFF HAS EXHAUSTED RIGHT OF APPEAL 11:SUITS, NOT TO BE ENTERTAINED UNLESS PLAINTIFF HAS EXHAUSTED RIGHT OF APPEAL .

Except as otherwise expressly provided in the Maharashtra Land Revenue Code, 1966, no Civil Court shall entertain] any suit against the [Government] on account of any act or omission of any Revenue-officer unless the plaintiff first proves that previously to bringing his suit, he has presented all such appeals allowed by the law for the time being in force as, within the period of limitation allowed for bringing such suit, it was possible to present."

આમ, ઉપરોકત જોવાઈઓ ધ્યાને લેતા, તેમજ રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતા વાદીએ સદર મહેસુલી નોંધ સક્ષમ સત્તા અધિકારી રૂબરૂ પડકારેલ નથી. જે સંજોગોમાં તે મહેસુલી નોંધ બાબતમાં દિવાની અદાલતને બાધ નડે છે. તેમ પણ જણાય આવે છે. જેથી સદર મહેસુલી નોંધ ખોટી અને ગેરકાયદેસર હોય તેમ ઠરાવી શકાય નહી તે સંજોગોમાં **મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**મુદ્દા નં.૬**

**(૩૩)** સદર કામે પ્રતિવાદી તરફે તકરાર લેવામાં આવેલ છે કે, દાવાવાળી સમગ્ર જમીન ઢેડાભાઈએ પોતાની હયાતીમાં જ પ્રતિવાદી નં.૧ ને આપી દીધી છે અને તે જમીન પર તેઓ વર્ષોથી ખેતી કરી ઉપજ લેતા આવેલા છે. જેના અનુસંધાને પ્રતિવાદી તરફે આંક– ૯૧ થી રોહીતભાઈ ભાણાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અમો પ્રતિવાદીને જ વર્ષો થી એટલે કે ઢેડાભાઈના વખતથી જ ચાલી આવેલ હોય અને ત્યારથી દાવાવાળી જમીન અમો પ્રતિવાદી ખેડી અમો પ્રતિવાદી વર્ષો વર્ષ ઉપજ લેતા આવેલ છે. તેમજ દાવાવાળી જમીનનુ મહેસુલ પણ પ્રતિવાદી ભરતા આવેલા છે. જે મહેસુલની પહોંચ આંક–૧૭ ના લિસ્ટથી રજુ કરવામાં આવેલ છે. તે જ રીતે આંક–૧૧૨ થી રાજેન્દ્રભાઈ રત્નાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, ઢેડાભાઈ તેમની હયાતીમાં જ પ્રતિવાદી નં.૧ જાતરીબેન માટે જરાલી ગામના ગુરજીભાઈ રડતીયાભાઈ ઘર જમાઈ લાવેલા

અને વજલીબેન માટે છીંડીયા ગામના સેવીચાભાઈને ઘર જમાઈ તરીકે લાવેલા જયારે વાદીની માતા નકુબેનને ઢેડીયાભાઇએ ભાટપુર ગામના ગાંગલીયાભાઈ સાથે પરણાવી સાસરે મોકલાવેલ અને ગાંગલીયાભાઈની ભાટપુર મુકામે આવેલી ખેતીની જમીનમાં વાદી ખેતી કામ કરી તેની ઉપજ લેતા આવેલા છે. આમ, પ્રતિવાદીના સાહેદ ધ્વારા સદર હકીકત જણાવવામાં આવેલ છે. અને પ્રતિવાદીના સાહેદ ધ્વારા પોતે જ જણાવેલ છે કે, ભાટપુર મુકામે આવેલી જમીનમાં વાદી ખેતી કામ કરતા આવેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ કે, દાવાવાળી સમગ્ર ખેતીની જમીન ઢેડાભાઈએ તેમની હયાતીમાં માલીકી હકકે પ્રતિવાદી નં.૧ ને જાતરીબેનનાઓને આપી દીધેલ અને ત્યારથી દાવાવાળી સમગ્ર જમીનનો કબજો પ્રતિવાદી નં.૧ જાતરીબેન ધારણ કરી વર્ષોથી સદર જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલા તેમજ દાવાવાળી જમીનમાં પ્રતિવાદી ખેડી આવતા હોય દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીનો છે. જે અન્વયે ઉલટતપાસમાં જણાવવવામાં આવેલ છે કે, એ વાત ખરી છેકે, વજલીબેનના વારસો તેમની જમીનો ખેડે અને જાતરીબેનના વારસો એમની જમીનો ખેડે. એ વાતની મને ખબર નથી કે, વાદીઓએ પ્રતિવાદી જાતરીબેનને જણાવેલ છે વહેચણી મુજબ વહેચી દઈએ ત્યારથી જમીન બાબતે અમારે તકરાર છે. તેજ રીતે વાદીની ઉલટતપાસ ધ્યાને લેતા વાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સીંગાભાઈ અને સરાદીયાભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા હોવાથી દાવાવાળી જમીનનો કબજો આ કામના પ્રતિવાદી પાસેથી લઈ લેવા મે હાલનો દાવો કરેલ છે.

(૩૪) આમ, સદર પુરાવાના આધારે પ્રતિવાદી ધ્વારા એમ જણાવવામાં આવે છેકે, ઢેડાભાઈ ઠગીચભાઈ ધ્વારા પોતાની હયાતીમાં દાવાવાળી જમીન જાતરીબેનને આપેલ. પરંતુ હાલના કામે જાતરીબેનને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. સદર કામે પ્રતિવાદીઓનો પુરાવાનુ સ્ટેજ ચાલુ હોય ત્યારે તા. ૯/૧૦/૧૭ ના રોજ રોહીતભાઈ ભાણાભાઈ ગામીત ને તપાસવામાં આવેલ

અને તેઓએ જણાવેલ કે, એ વાત ખરી છેક઼, જાતરીબેન હરીફરી શકે છે. તે જ રીતે સને ૨૦૧૮ માં આંક–૧૧૨ ના સાહેદ રાજેન્દ્રભાઈ ધ્વારા પણ જણાવવામાં આવેલ કે એ વાત ખરી છે કે, જાતરીબેન હરીફરી શકે છે. એ વાત ખરી છે કે, જાતરીબેન એક ગામેથી બીજા ગામે જઈ શકે છે. એ વાત ખરીછે કે, જાતરીબેન કોર્ટમાં પણ આવી શકે છે. આમ, જાતરીબેન હયાત હતા ત્યારે તેઓ કોર્ટમાં આવી શકે તેમ હતા. તેમ છતાં તથા તેમના પુરાવાનુ સ્ટેજ હોવા છતાં જાતરીબેન કોર્ટ રૂબરૂ સોગંદ પર સદર હકીકત કે '' ઢેડાભાઈ ઠગીયાભાઈ ધ્વારા દાાવવાળી મીલકત તેઓને આપવામાં આવેલ.'' તેવુ જણાવવા માટે હાજર રહેલ નથી. તે જ રીતે દાવાવાળી જમીન જાતરીબેનને આપવામાં આવેલ હોય તે બાબતે બીજી કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૩૫)** સદર કામે આંક–૧૩૩ થી મીનાક્ષી બેન ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, વાદી અને વાદીના વારસોએ મારી માતા જમીનોમાં સંયુકત નામો ચાલતા હોય જમીનો જે પ્રમાણે ખેડતા હતા તે પ્રમાણે ૭/૧૨ છુટી પાડવા માટે યાને અલગ કરવા માટે જણાવતા ત્યાર થી ઝઘડો શરૂ થયેલો. એ વાત ખરી છે કે, જમીન અલગ કરવાની કીધી ત્યારથી તે પ્રમાણે છુટી કરી દઈએ ત્યારથી આ ઝઘડો શરૂ થયેલો. એ વાત ખરીછે કે, મે તથા મારા ઘરવાળાઓએ વાદીઓને જમીન છુટી કરી આપવાની ના પાડી તથા જમીન ખેડવા દેવાના નથી તેવુ જણાવેલ. તેજ રીતે આંક–૧૧૮ થી રવીન્દ્રભાઈ રત્નાભાઈ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનની ઉપજ વાદીઓ જાતરીબેન સાથે સહીયારાપણામાં લેતા આવેલા છે. જે સંજોગોમાં સદર દાવાવાળી મીલકતમાં ખેતી કરી ઉપજ વાદી તથા પ્રતિવાદી લેતા આવેલાનુ જણાય છે. તેજ રીતે આંક–૫૫ થી ૬૯ ની રેવન્યુ પહોંચ ધ્યાને લેતા ખાતા નં.૪૫ માં જાતરીબેનનું નામ અને તેની ચુકવણી સીંગાભાઈ ધ્વારા કરવામાં આવેલ હોવાનુ જણાય છે. જયારે આંક–૭૦, ૭૨ અને ૭૩ થી ખાતા નં.૪૦ મુજબ ખાતેદારનુ નામ સીંગા ગાંગલા અને ચુકવણી પણ તેઓ ધ્વારા કરવામાં

આવેલ હોચ તેમ જણાય છે. જયારે આંક–૯૩, ૯૫ ધ્યાને લેતા ખાતા નં.૪૫ ની જમીનનુ મહેસુલ જાતરીબેન ધ્વારા ભરવામાં આવેલ છે. તે રીતે આંક–૯૬ અન્વયે ખાતા નં.૪૦ની જમીન મહેસુલ જાતરીબેન ધ્વારા ફરવામાં આવેલે છે. આંક–૧૦૨, ૧૦૩ અન્વયે જાતરીબેનનાઓને નોટીસ આપવામાં આવેલ હોચ તેમ જણાય છે. આંક–૧૦૬ અન્વયે ડાંગર માટે યુરીયા ખરીદવામાં આવેલાનુ બીલ છે. આંક–૧૦૯ અને ૧૧૦ અન્વયે રજુ કરવામાં આવેલ દસ્તાવેજ ધ્યાને લેતા નાણાંની વસુલાત માટે નોટીસ આપવામાં આવેલાનુ જણાય છે. આમ, તમામ બાબત ધ્યાને લેતા તેમજ આંક–૪૭ ધ્યાને લેતા દાવાવાળી મીલકતમાં ખાતા નં.૪૦ છે અને તે બાબતનુ જમીન મહેસુલ પ્રતિવાદી નં.૧ તથા વા દી ધ્વારા અલગ અલગ સમયે ભરવામાં આવેલાનુ જણાય છે. આ તમામ બાબત ધ્યાને લેતા સદર દાવાવાળી મીલકતમાં વાદી પ્રતિવાદી સમયાંતરે ખેતી કરી ઉપજ લેતા આવેલા હોચ તેમ જણાય આવતુ હોચ **તેથી મુદ્દા નં.૬ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.**

**મુદ્દા નં.૩ અને મુદા નં.૭**

**(૩૬)** પ્રતિવાદી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, સમય મર્યાદાનો બાધ નડે છે અને બાર વર્ષ કરતા વધુ સમયથી પ્રતિવાદીઓ વિરુધ્ધ કબજા ભોગવટાથી મીલકતનો કબજો ધરાવતા આવેલ છે. જે કારણે પ્રતિવાદીઓ એડવર્સ પઝેશનના સિધ્ધાંત મુજબ દાવાવાળી મીલકતના માલીક થઈ ગયેલા છે. જે અન્વયે વાદી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીઓ અલગ અલગ બાબતો રજુ કરે છે. એકતરફે પ્રતિવાદી જણાવે છે કે, દાવાવાળી જમીન ઢેડાભાઈએ પોતાની હયાતીમાં જ પ્રતિવાદી નં.૧ ને આપી દીધેલ અને તેમ કરી વાદીના સહમાલીક ના અધિકારનો સ્વીકાર કરતા નથી. અને બીજી તરફ વિરુધ્ધ કબજાથી માલીક થયેલાની પણ દલીલ કરે છે. જેના અનુસંધાને *Dagadabai (Dead) By Lrs v Abbas @ Gulab Rustum Pinjari (2017) 13 SCC 705* held that a person first admit the ownership of the true owner over the property before claiming ownership on the

strength of adverse possession. Inconsistent plea cannot be taken by a party when claiming title by way of adverse possession i.e. a party cannot claim his ownership over a property on the basis of title and by way of adverse possession simultaneously as both such pleas are mutually inconsistent.

જેના અનુસંધાને નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા કર્ણાટકો વકફબોર્ડ વિરુધ્ધ ભારત સરકાર અને બીજા (૨૦૦૪) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૭૭૯ માં ઠરાવવામાં આવેલ છેકે, જયારે કોઈ વ્યકિત એડવર્સ પઝેશનના આધારે મીલકતની માલીકી કલેઈમ કરતો હોય તો તેણે તે બાબતની શરતો અને વિગતો જણાવવાની થાય. જે નીચે મુજબ છે.

*"Plea of adverse possession is not a pure question of law but a blended one of fact and law. Therefore, a person who claims adverse possession should show*

*(a) on what date he came into possession,*

*(b) what was the nature of his possession*

*(c) whether the factum of possession was known to the other party,*

*(d) how long his possession has continued, and*

*(e) his possession was open and undisturbed.*

(**૩૭**) આમ, પ્રતિવાદીએ સદર દાવાવાળી મીલકતનો કબજો બાબતે (ક) કઈ તારીખ થી તેઓ કબજા માં આવેલ હતા, (ખ) તેઓ નો કબજો કયા પ્રકાર નો છે , (ગ)શું તે કબજો સામા પક્ષકાર ની જાણકારી માં છે,(ઘ)કયાર થી તેઓ નો કબજો સતત ચાલી આવેલ હતો , (ચ) તેઓ નો સદર કબજો ખુલ્લો અને કોઈ પણ દખલગીરી વિનાનો હતો. જેના અનુસંધાને પ્રતિવાદી નં.૩ ધ્વારા આંક-૯૧ થી સરતપાસમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીનો અમો પ્રતિવાદી ખેડી અમો

પ્રતિવાદીઓ વર્ષો વર્ષ કોઈપણ જાતના અવરોધ કે દખલ વગર વાદી તથા જાહેર જનતાની જાણમાં દાવાવાળી જમીનોમાં ખેતી કરી ઉપજ લેતા આવેલા છે. અને તે રીતે અમો પ્રતિવાદી વિરોધ વગરના કબજા થી પણ દાવાવાળી મીલકતના માલીક થયેલા છે. દાવાવાળી મીલકત અમો પ્રતિવાદી ખેડી તેની ઉપજો સાડા બાર વર્ષ ઉપરાંત એટલે કે ઢેડાભાઈના વખતથી લેતા આવેલા છે.

(૩૮) આમ, પ્રતિવાદી ધ્વારા પોતે દાવાવાળી મીલકત એડવર્સ પઝેશન ના સિધ્ધાંતના આધારે માલીક થયેલ છે તેવી રજુઆતા કરવામાં આવેલ છે. જેના અનુસંધાને પેરી વિરુધ્ધ કલીસોલ્ડ ૧૯૦૭ એ.સી. પેજ–૭૩ અન્વયે પ્રીવીકાઉન્સીલ ધ્વારા ઠરાવવામાં આવેલ છેકે, .......

Privy Council in 1907 in *Perry v Clissold* wherein it was held :-

*"It cannot be disputed that a person in possession of land in the assumed character of owner and exercising peaceably the ordinary rights of ownership has a perfectly good title against all the world but the rightful owner. And if the rightful owner does not come forward and assert his title by the process of law within the period prescribed by the provisions of the statute of Limitation applicable to the case, his right is forever extinguished and the possessory owner acquires an absolute title. "*

(૩૯) નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એ.આઈ.આર.૧૯૬૮ સુપ્રિમ કોર્ટ ૧૧૬૫ નાયર સર્વિસ સોસાયટી વિરુધ્ધ કે.વી. એલેકઝેન્ડરના ચુકાદામાં ઠરાવેલ છે કે, Thus it can be said that till date it is a good law, that if a person in hostile possession of the land though not being the true owner, becomes the

absolute owner if the rightful owner of the said land does not come forward within the statutory period of twelve years as provided under the Limitation Act, 1963.

**(૪૦)** નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા કર્ણાટકો વકફબોર્ડ વિરુધ્ધ ભારત સરકાર અને બીજા (૨૦૦૪) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૭૭૯ માં ઠરાવવામાં આવેલ છેકે,

The Hon'ble Supreme Court in this judgment held :-

*"Non-use of the property by the owner even for a long time won't affect his title. But the position will be altered when another person takes possession of the property and asserts a right over it. Adverse possession is a hostile possession by clearly asserting hostile title in denial of the title of true owner. It is a well-settled principle that a party claiming adverse possession must prove that his possession is 'nec vi, nec clam, nec precario', that is, peaceful, open and continuous. The possession must be adequate in continuity, in publicity and in extent to show that their possession is adverse to the true owner. It must start with a wrongful disposition of the rightful owner and be actual, visible, exclusive, hostile and continued over the statutory period."*

**(૪૧)** વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા પી.ટી.મુનીચિકન્ના રેડી વિરુધ્ધ રેવામ્મા અને બીજા (૨૦૦૭) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ ૫૯ ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "*Therefore, to assess a claim of adverse possession, two-pronged enquiry is required:*

*1. Application of limitation provision thereby jurisprudentially "willful neglect" element on part of the owner established. Successful application in this regard distances the title of the land from the paper-owner.*

2. *Specific Positive intention to dispossess on the part of the adverse possessor effectively shifts the title already distanced from the paper owner, to the adverse possessor. Right thereby accrues in favour of adverse possessor as intent to dispossess is an express statement of urgency and intention in the upkeep of the property."*

**(૪૨)** ૨૦૨૦, સુપ્રિમ કોર્ટ કેસીસ (ઓનલાઈન)સુપ્રિમ કોર્ટ ૩૭ ઉત્તમ ચાંદ થ્રુ લીગલ રીપ્રેઝન્ટેવીવ વિ. નાથુરામ થ્રુ લીગલ રીપ્રેઝન્ટેવીના ચુકાદામાં નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

only having long continuous possession is not enough to perfect title by adverse possession and all other ingredients like possession that is hostile, exclusive, uninterrupted, etc are also necessary.

કોઈપણ મીલકતનો લાંબા સમય સુધી કબજો એટલુ જ માત્ર એડવર્સ પઝેશન માટે પુરતુ નથી. પરંતુ તે માટેના આવશ્યક બીજા તત્વો જેમ કે, હોસ્ટાઈલ પઝેશન હોય, સંપુર્ણ હોય, કોઈપણ જાતના તકરાર કે દખલ ગીરી વગર હોય અને જાહેર હોવો જોઈએ તે પણ પુરવાર કરવુ પડે.

**(૪૩) ઠાકુર કિશનસિંગ વિ. અરવિંદકુમાર ૧૯૯૪, ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ ૫૯૧** માં ઠરાવવામાં આવેલ છે કે, પરમીશીવ પઝેશન ના આધારે એડવર્સ પઝેશન ગણી શકાય નહી.

**(૪૪)** નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા વિદ્યાદેવી ધ્વારા ઉર્ફે વિદ્યાવટીના કાયદેસરના વારસદાર વિરુધ્ધ પ્રેમપ્રકાશ અને બીજા ૧૯૮૫ (૪) સુપ્રિમ કોર્ટ કેસીસ ૯૪૬ માં ઠરાવવામાં આવેલ છે કે, a plea of adverse possession by a co-owner can be taken if that person is able to prove that he has ousted all the co-owners from the

property coupled with all the other ingredients to constitute adverse possession. As per this judgment there are three elements are necessary for establishing the plea of ouster in the case of co-owner. They are (i) declaration of hostile animus (ii) long and uninterrupted possession of the person pleading ouster and (iii)exercise of right of exclusive ownership openly and to the knowledge of other co-owner.

**(૪૫)**નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા વિદ્યાદેવી ઉર્ફે વિદ્યાવતી વિરુધ્ધ પ્રેમપ્રકાશ અને બીજા ૧૯૯૫, ૪ સુપ્રિમ કોર્ટ કેસીસી ૪૯૬ માં ઠરાવવવામાં આવેલ છે કે, જો વ્યકિત ધ્વારા એવુ પુરવાર કરવામાં આવે કે,સહમાલીક ધ્વારા બીજા સહમાલીકને તે મીલકતમાંથી દુર રાખેલ છે અને એડવર્સ પઝેશન બાબતના બીજા તમામ આવશ્યક તત્વો પુરવાર કરવામાં આવતા હોય તો સહમાલીક એડવર્સ પઝેશનની માંગણી કરી શકે. જે સંજોગોમાં હાલના દાવાના કામે રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે દાવાના કામે વાદી તેમજ પ્રતિવાદી નં.૩ સદર મીલકતના સહમાલીક છે. તેજ રીતે વાદી તેમજ પ્રતિવાદીના નામ રેવન્યુ રેકર્ડ પર ચાલી આવેલ છે તથા વાદી તેમજ પ્રતિવાદી બન્ને ધ્વારા સમયાંતરે જમીન બાબતનુ મહેસુલ જમા કરાવેલ છે. તેમજ પ્રતિવાદી એકમાત્ર માલીક હોય તે રીતે ખેતી કરતા આવેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં આવેલ નથી,વધુમાં પ્રતિવાદી નં.૧ ધ્વારા વાદીને, વાદી દાવાવાળી જમીનના માલીક નથી તેમ બતાવી અને પોતે જ એકમાત્ર દાવાવાળી મીલકતના માલીક છે તેમ બતાવી ખેતી કરતા આવેલ હોય તેમ જણાય આવેલ નથી. જે સંજોગોમાં આ કામના પ્રતિવાદી એડવર્સ પઝેશનના આધારે માલીક થયેલ હોય તેમ પુરવાર થતુ નથી. જે અન્વયે **મુદ્દા નં. ૩ અને ૭** નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૮**

**(૪૬)** વાદી દ્વારા દાદ માંગવામાં આવેલ છે કે, દાવાના પેરા–૩ માં જણાવેલ ખેતી વિષયકની જમીનો પૈકી બ્લોક ન.૯૭ તથા ૧૨૧ માં વાદીનો તથા પ્રતિવાદીનો ૧ નો દરેકનો ૧/૩ હિસ્સો છે તેવુ જાહેર કરશોજી.

**(૪૭)** વધુમાં દાદ માંગવામાં આવે છે. કે, વાદીના હિસ્સે આવેલ ૨/૩ હિસ્સાની ખેતી વિષયક જમીન હદે હુદથી અલગ કરી છુટી પાડી તેમજ વાદીઓના પ્રત્યક્ષ ભોગવટામાં આવેલી જમીનમાં હસ્તે પરહસ્તે દખલ, હરકત, અટકાયત અવરોધ કરે નહી કે અમો વાદીઓને જમીન ખેડતા કે તુલ લેતા હસ્તે પરહસ્તે દખલ કરાવે નહી. તે માટેની દાદ માંગેલ છે.

**(૪૮)** વધુમાં દાદ માંગવામાં આવેલ છે કે, છીડીયાના બ્લોક નં.૩૭૫ ના પ્રશ્ચિમ તરફના અડધા ભાગની ખેતી વિષયક જમીન અમો વાદીની સ્વતંત્ર માલીકીની છે તેમ ઠરાવી આપવા અને તે બાબતનો પ્રતિવાદીઓ હસ્તે પરહસ્તે હરકત દખલ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ વાદીના લાભમાં આપવો.

**(૪૯)** જેના અનુસંધાને સદર દાવાના કામે મુદ્દા નં.૧ અન્વયે પુરવાર કરવામાં આવેલ છે કે, દાવાવાળી મીલકતો પૈકી બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩૨ /૩ ના અડધા હિસ્સાની પશ્ચિમ તરફથી જમીન વાદીઓના હિસ્સે આવેલ હતી. તેમજ પુર્વ તરફથી જમીન પ્રતિવાદી નં.૧ ના હિસ્સે આવેલ જે પ્રતિવાદી દ્વારા વેચાણ કરી ઉપજ મેળવેલી લીધેલ. જે સંજોગોમાં વાદી બ્લોક નં.૩૭૫ સર્વે નં.૩૩૨ /૩ ના અડધા હિસ્સાની પશ્ચિમ તરફથી જમીનના માલીક થયેલ તેમ પુરવાર થયેલ હોય તેથી તે મુજબ દાદ મેળવવા હકકદાર જણાય આવે છે.

**(૫૦)** મુદ્દ ાનં.૨ અન્વયે પુરવાર કરવામાં આવેલ છે કે, બ્લોક નં.૯૭ તથા બ્લોક નં.૧૨૧ ની જમીનો પક્ષકારો દ્વારા સહીયારી રીતે ખેડવામાં આવેલ છે. તેમજ સદર

દાવાવાળી મીલકત વડીલોપાર્જીત મીલકત હોય જે કારણે તેમાં વાદીનો હકકહિસ્સો સમાયેલો છે. જેના અનુસંધાને સદર મીલકત મૈ.ઢેડાભાઈ ઠગીચાભાઈની માલીકી જમીન હતી જેથી તેમના વારસદારો તરીકે નકુબેન, વજલીબેન, જાતરીબેન હોય જેથી સદર દાવાની મીલકતમાં ત્રણ વારસદારોના હિસ્સા હતા પરંતુ મુદ્દા નં.૪ માં કરવામાં આવેલ ચર્ચા અન્વયે ઢેડાભાઈ ઠગીચાભાઈની મીલકત પૈકી જે તે સમયે સર્વે નં.૯૬ વાળી મીલકત વજલીબેન તે ઢેડા ઠગીચાના હિસ્સે આવેલ હતી તેમ જણાય આવેલ હોય, જેથી બાકી વધેલ જમીન ૭૭, ૧૧૦/૧, ૧૧૦/૩ અને ૩૩૨/૩ વાળી મીલકત આ કામના વાદી તેમજ પ્રતિવાદી નં.૧ ના હિસ્સા આવેલ હતા તેવી હકીકત જણાય આવતી હોય, અને તે જમીનો ખાતા નં.૪૦ અન્વયે સર્વે નં.૯૭, ૧૨૧ અને ૩૭૫ અન્વયે વાદી તેમજ પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલ હોય, જે પૈકી ૩૭૫ વાળી જમીન વાદી તેમજ પ્રતિવાદીએ પુર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેચાણ કરી લીધેલ. જેથી માત્ર સર્વે નં.૯૭ અને ૧૨૧ વાળી મીલકતનુ વહેચાણ કરવાનુ બાકી હોય જે સંજોગોમાં તે મીલકતમાં નકુબેનના વારસ તેમજ જાતરીબેનના વારસદારોના સરખા હિસ્સા સમાયેલા હોય જે અન્વયે વાદી ૧/૨ હિસ્સો મેળવવા હકકદાર હોય જેથી વાદીનો હિસ્સો ૧/૨ ચાલતો હોય તે મુજબ વહેચણ કરવુ જરૂરી હોય જેથી તે મુજબ દાદ આપી શકાય.

**(૫૧)** વાદી તરફે કાયમી મનાઈની માંગણી કરવામાં આવેલ છે જે અન્વયે બ્લોક નં.૩૭૫માં પશ્ચિમ તરફના અડધી મીલકતના માલીક વાદી હોય જેથી તે બાબતે વાદી દાદ મેળવવા હકકદાર છે. તેજ રીતે બ્લોક નં.૯૭ અને બ્લોક નં.૧૨૧ વાળી જમીનનો અડધો હિસ્સો વહેચાણ થઈ જાય અને દરેકના હકક હિસ્સે મીલકત આવી જાય ત્યારબાદ એ બાબતનો કાયમી મનાઈ ફરમાવી શકાય જે તમામ બાબત ધ્યાને લેતા મુદ્દા નં.૮ નો નિર્ણય અંશત: હકારમાં આપવામાં આવે છે.

આમ ઉપર મુજબ દરેક મુદા બાબતે પુરાવા ના આધારે કરવામાં આવેલ નિર્ણય અન્વે સદર દાવા ના કામે નીચે મુજબ મુદા નંબર ૯ બાબતે આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ :::–**

(૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) મોજે ગામ છીડીયાના બ્લોક નં.૩૭૫ જેનો સર્વે નં.૩૩૨/૩ની પશ્ચિમ તરફની અડધા ભાગની વધેલી ખેતી વિષયક જમીનના વાદી માલીક છે તેવુ વિશિષ્ટ દાદ અધિનિયમ ૧૯૬૩ની કલમ–૩૪ અન્વયે જાહેર કરવામાં આવે છે.

(૩) મોજે ગામ છીડીયાના બ્લોક નં.૩૭૫ જેનો સર્વે નં.૩૩૨/૩ની પશ્ચિમ તરફની અડધા ભાગની વધેલી ખેતી વિષયક જમીનના વાદી માલીક હોઈ, જેથી તેમાં પ્રતિવાદીઓએ, વાદીને હસ્તે પરહસ્તે હરકત દખલ કરવુ કરાવવુ નહી તેવો કાયમી મનાઈ હુકમ વિશિષ્ટ દાદ અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૩૮ અન્વયે કરવામાં આવે છે.

(૪) મોજે ગામ છીડીયા તાલુકો વ્યારા ની બ્લોક નં.૯૭ તથા બ્લોક નં. ૧૨૧ વાળી ખેતિવિષયક જમીનમાં વાદીનો ૧/૨ હિસ્સો આવેલ છે. તેમ વિશિષ્ટ દાદ અધિનિયમ૧૯૬૩ ની કલમ–૩૪ અન્વયે ઠરાવવામાં આવે છે.

(૫) મોજે ગામ છીડીયા તાલુકો વ્યારા ની બ્લોક નં.૯૭ તથા બ્લોક નં. ૧૨૧ વાળી ખેતિવિષયક જમીન વાદી અને પ્રતિવાદી વચ્ચે દરેકના ભાગે ૧/૨ લેખે હદહુદથી વહેચણ કરવા પ્રાથમીક હુકમનામાની નકલ મહે.કલેકટરશ્રી તાપી મુ.વ્યારા નાઓને દિવાની કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ ની કલમ– ૫૪ અન્વયે મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) કલેકટર શ્રી તાપી મુકામ વ્યારાનાઓએ સદર પ્રાથમીક હુકમનામા મુજબ ની જમીન હદ, હુદ થી સ્થળ પર વહેચણી કરી તે અન્વયે નો કબજો સુપ્રત કરવો અને તે બાબત નો રિપોર્ટ દિન ૩૦(ત્રીસ) માં કરવો.

(૭) સદર દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(૮) ઉપરોકત હુકમના પેરા– ૨, ૩ બાબતમાં આખરી હુકમનામુ દોરવુ. જયારે ઉપરોકત હુકમના પેરા–૪, ૫ બાબતમાં પ્રાથમીક હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તા. ૧૫મી માહે એપ્રિલ, સને ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૪/૨૦૨૧
મુ.વ્યારા

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ,
તાપી.મુ.વ્યારા
(જજ કોડ–જી.જે.૦૦૮૫૪)